સૂક્ષ્મસંપરાય - છદ્મસ્થવીતરાગયોશ્ચતુર્દશ ૯-૧૦

સૂક્ષ્મસંપરાય - છદ્મસ્થવીતરાગયોશ્ચતુર્દશ ૯-૧૦

સૂક્ષ્મસંપરાય - છદ્મસ્થવીતરાગયો: ચતુર્દશ ૯-૧૦

**સૂત્રાર્થ:** સૂક્ષ્મસંપરાય અને છદ્મસ્થવીતરાગને (ગુણસ્થાનકે) ૧૪ પરીષહો હોય છે.

**ભાવાર્થ:** સૂક્ષ્મસંપરાય એટલે ૧૦ મું ગુણસ્થાનક જ્યાં સંજ્વલન લોભનો ઉદય હોય છે. છદ્મસ્થ વીતરાગ એટલે મોહનીય કર્મના ઉદય રહિત ૧૧-૧૨ ગુણસ્થાનક.

આ રીતે ૧૦-૧૧-૧૨ ત્રણે ગુણસ્થાનકોમાં (૧) ક્ષુધા (૨) પિપાસા (૩) શીત (૪) ઉષ્ણ (૫) દંશમશક (૬) ચર્યા (૭) શય્યા (૮) વધ (૯) અલાભ (૧૦) રોગ (૧૧) તૃણસ્પર્શ (૧૨) મલ (૧૩) પ્રજ્ઞા અને (૧૪) અજ્ઞાન. આ ૧૪ પરીષહો હોય છે.

**શંકા:** છદ્મસ્થ વીતરાગ કોને કહેવાય ?

**સમાધાન:** છદ્મસ્થ વીતરાગ એટલે જેણે મોહનીય કર્મ સર્વથા ઉપશમાવેલ છે અથવા મોહનીય કર્મનો સર્વથા ક્ષય કર્યો છે પરંતુ ઘાતીના છદ્મ કર્મો હજુ વિદ્યમાન છે. સૂત્ર ૯-૧૦ માં જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ત્રણ છદ્મ કર્મોના અસ્તિત્વને લીધે તેમને છદ્મસ્થ કહ્યું છે. મોહનીયના સંપૂર્ણ ક્ષય કે ઉપશમને કારણે રાગ ન વર્તતો હોવાથી તેમને વીતરાગ કહેલા છે.

**શંકા** દસમા ગુણઠાણે સંજ્વલન સૂક્ષ્મ લોભનો ઉદય છે માટે ચારિત્ર મોહનીય કર્મનો ઉદય હોવાથી ત્યાં રહેલ મોહજન્ય આઠ પરીષહો કહેવા જોઈએ તે કેમ કહેતા નથી ?

**સમાધાન:** સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનકે જો કે સંજ્વલન સૂક્ષ્મ લોભનો ઉદય છે પણ તે અતિઅલ્પ અવસ્થામાં જ છે તેથી સ્વકાર્ય કરવા અસમર્થ છે. તેથી આઠ પરીષહો ત્યાં નથી. દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય કર્મના ઉદયથી આવતા આઠ પરીષહો (૧) નાગ્ન્ય (૨) અરતિ (૩) સ્ત્રી (૪) નિષદ્યા (૫) આક્રોશ (૬) યાચના (૭) સત્કાર-પુરસ્કાર અને (૮) અદર્શન ત્યાં ૧૦-૧૧-૧૨ ગુણસ્થાનકોમાં સંભવતા નથી.

---

ઉપર જણાવેલા ૧૪ પરીષહોમાં (૧) અલાભ પરીષહ અંતરાય કર્મના ઉદયજન્ય છે (૨) પ્રજ્ઞા પરીષહ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમજન્ય છે (૩) અજ્ઞાન પરીષહ જ્ઞાનાવરણીય કર્મના ઉદયજન્ય છે અને બાકીના ૧૧ પરીષહો વેદનીય કર્મના ઉદયજન્ય છે. ૧૦-૧૧-૧૨ ગુણઠાણે અંતરાયકર્મ, જ્ઞાનાવરણીયકર્મ અને વેદનીયકર્મ વિદ્યમાન છે.

एकादश जिने ९-११
એકાદશ જિને ૯-૧૧
એકાદશ જિને ૯-૧૧

**સૂત્રાર્થ:** જિનેશ્વર ભગવાનને (૧૩-૧૪ ગુણસ્થાનકવાળા ભગવાનો) ૧૧ પરીષહો હોય છે.

**ભાવાર્થ:** જિનને ઘાતીકર્મોનો ઉદય ન હોવાથી ઘાતીકર્મના ઉદયથી થતા પરીષહો હોતા નથી. જિનને વેદનીયકર્મનો ઉદય હોવાથી વેદનીયકર્મના ઉદયથી થતા ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, અને મલ એ અગિયાર પરીષહો સંભવે છે.
જિનેશ્વરોને વેદનીયકર્મનો (શાતા-અશાતા બંને) ઉદય ૧૪ મા ગુણઠાણાના ચરમ સમય સુધી હોય છે.

બાદરસંપરાયે સર્વે ૯-૧૨

બાદર સંપરાયે સર્વે ૯-૧૨

બાદર સંપરાયે સર્વે ૯-૧૨

<u>સૂત્રાર્થ:</u> બાદર સંપરાય (નવમા ગુણસ્થાને) સર્વે પરીષહો હોય છે.

<u>ભાવાર્થ:</u> બાદર સંપરાય એટલે સ્થૂલ કષાય. જ્યાં સૂક્ષ્મ એટલે કે ના સ્થૂલ કષાયોનું અસ્તિત્વ હોય ત્યાં સૂક્ષ્મ એટલે કે નવમા ગુણસ્થાનક સુધી ૨૨ પરીષહોનું અસ્તિત્વ સંભવે છે. અર્થાત્ ૬-૭-૮-૯ ગુણસ્થાનકોમાં બાવીસે બાવીસ પરીષહો હોય છે, કારણ કે ત્યાં સર્વ કર્મોનો ઉદય ચાલુ છે.

હવે પછીના ચાર સૂત્રોમાં કયા કયા કર્મના ઉદયથી ક્યા ક્યા પરીષહો આવે? તે જણાવે છે.

જ્ઞાનાવરણે પ્રજ્ઞાઽજ્ઞાને ૯-૧૩

જ્ઞાનાવરણે પ્રજ્ઞા-અજ્ઞાને ૯-૧૩

જ્ઞાનાવરણે પ્રજ્ઞાજ્ઞાને ૯-૧૩

<u>સૂત્રાર્થ:</u> પ્રજ્ઞા અને અજ્ઞાન એ બે પરીષહો જ્ઞાનાવરણ કર્મના ઉદયે હોય છે.

<u>ભાવાર્થ:</u>

<u>શંકા:</u> પ્રજ્ઞા એટલે બુદ્ધિવૈભવ. એ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે. આથી પ્રજ્ઞા પરીષહ જ્ઞાનાવરણ કર્મના ઉદયે કેવી રીતે હોઈ શકે?

<u>સમાધાન:</u> અહીં "જ્ઞાનાવરણ કર્મના ઉદયે" એટલે "જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી" એવો અર્થ નહિ. પરંતુ "જ્ઞાનાવરણીય કર્મનો ઉદય વર્તમાન હોય ત્યારે" એવો અર્થ છે. પ્રજ્ઞા પરીષહ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય વર્તમાન હોય ત્યારે આવે છે. કારણ કે પ્રજ્ઞા જ્ઞાનના ક્ષયોપશમથી પ્રાપ્ત થાય છે ત્યારે જ્ઞાનનો ક્ષયોપશમ વર્તમાન હોય ત્યારે જ્ઞાનાવરણ કર્મનો ઉદય પણ વર્તમાન હોય છે. આથી પ્રજ્ઞા પરીષહ જ્ઞાનાવરણ કર્મના ઉદય વખતે આવે છે તે અર્થ બરાબર છે.

**શંકા:** ૧૧ મા અને ૧૨ મા ગુણસ્થાને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ અને ઉદય હોવાથી પ્રજ્ઞા પરીષહ અને અજ્ઞાન પરીષહ હોય શકે છે પરંતુ મોહનીય કર્મનો ઉદય ન હોવાથી પ્રજ્ઞા કાળે અહંકાર અને અજ્ઞાન કાળે દીનતા સંભવતા નથી. તો આ પરીષહોનો જય અને અવકાશ કઈ રીતે હોય?

**સમાધાન:** પ્રજ્ઞાપરીષહનું ગર્વ અને અજ્ઞાનપરીષહનું દીનતા કારણ નથી, કિન્તુ જ્ઞાન અને અજ્ઞાન છે અહીં વિશેષ બુદ્ધિ મળવાથી ગર્વ કરવો એ પ્રજ્ઞા પરીષહ નથી, કિન્તુ વિશેષ બુદ્ધિની પ્રાપ્તિ એ જ પ્રજ્ઞા પરીષહ છે. વિશેષ બુદ્ધિ મળવાથી ગર્વ કરવો એ પ્રજ્ઞા પરીષહનો અવકાશ છે.

તે જ પ્રમાણે વિશેષ જ્ઞાનની પ્રાપ્તિ ન થવાથી દીનતા કરવી એ અજ્ઞાન પરીષહ નથી, કિન્તુ વિશેષ જ્ઞાનની પ્રાપ્તિ ન થવી એ જ અજ્ઞાન પરીષહ છે. વિશેષ જ્ઞાનની પ્રાપ્તિ ન થવાથી દીનતા કરવી એ અજ્ઞાન પરીષહનો અવકાશ છે.

૧૧ અને ૧૨ મા ગુણસ્થાને ગર્વ અને દીનતા ન હોવાથી પ્રજ્ઞા અને અજ્ઞાન પરીષહનો અવકાશ ન હોય, જય જ હોય, કારણકે ૧૧ અને ૧૨ મા ગુણસ્થાને પણ પરીષહ તો આવે, પ્રજ્ઞા અને અજ્ઞાન બંને સંભવે છે.

દર્શનમોહાન્તરાયયોરદર્શનાલાભૌ ૯-૧૪

દર્શનમોહાન્તરાયયોરદર્શનાલાભૌ ૯-૧૪

દર્શનમોહ - અન્તરાયયો: અદર્શન - અલાભૌ ૯-૧૪

**સૂત્રાર્થ:** દર્શનમોહનીય કર્મ અને અંતરાય કર્મના ઉદયથી અનુક્રમે અદર્શન પરીષહ અને અલાભ પરીષહ થાય છે.

ભાવાર્થ: દર્શન મોહનીયના ત્રણ ભેદ છે. મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીય.
જીવને પ્રાપ્ત થયેલા સમ્યક્ત્વમાં શંકા-કાંક્ષાદિ અતિચારો ઉત્પન્ન કરવા દ્વારા સમ્યક્ત્વને મલિન કરવાનું કામ સમ્યક્ત્વ મોહનીય કરે છે.
જૈન ધર્મ ઉપર પ્રીતિ કે અપ્રીતિ ન થવા દેવાનું કામ મિશ્ર મોહનીય કરે છે. અરુચિ જ ઉત્પન્ન કરવાનું કામ મિથ્યાત્વ મોહનીય કરે છે.
આ રીતે ત્રણે દર્શનમોહનીય કર્મનો ઉદય દર્શન સમ્યક્ત્વ ગુણને મલિન કરવાનું, નાશ કરવાનું કાર્ય કરે છે તેથી અદર્શનભાવ (સમ્યક્ત્વના અભાવ રૂપ ભાવ) થાય છે. માટે દર્શનમોહનીયના ઉદયથી અદર્શન પરીષહ આવે છે. જેમ જેમ આ ત્રણ દર્શન મોહનીયનો ક્ષયોપશમ વધે અથવા ક્ષાયિકભાવ આવે તેમ તેમ આ દર્શન પરીષહનો વિજય ગણાય છે.
અંતરાય કર્મના ઉદયથી (લાભાંતરાય કર્મના ઉદયથી) વસ્તુની અપ્રાપ્તિ થવા રૂપ અલાભ પરીષહ થાય છે.
આ અલાભ પરીષહના કાળે રતિ/અરતિ મોહનીયનો ક્ષયોપશમ કે ક્ષય કરવાથી તેનો વિજય થાય છે.

ચારિત્રમોહે નાગ્ન્યા - ઽરતિ - સ્ત્રી - નિષદ્યા - ઽક્રોશ
યાચના - સત્કારપુરસ્કારાઃ — ૯-૧૫

ચારિત્રમોહે નાગ્ન્યા - ઽરતિ - સ્ત્રી - નિષદ્યા - ઽક્રોશ
યાચના - સત્કારપુરસ્કારાઃ ૯-૧૫

ચારિત્ર મોહે નાગ્ન્ય અરતિ સ્ત્રી નિષદ્યા આક્રોશ
યાચના સત્કાર પુરસ્કારાઃ ૯-૧૫

સૂત્રાર્થ: નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના અને સત્કાર પુરસ્કાર એમ કુલ સાત પરીષહો ચારિત્ર મોહનીયના ઉદયથી આવે છે.

ભાવાર્થ: જૈન શાસ્ત્રોમાં ચારિત્ર મોહનીય કર્મના ૧૬ કષાય અને ૯ નોકષાય એમ કુલ ૨૫ ભેદ છે. સૂત્રમાં જણાવેલા સાત પરીષહો નીચે મુજબ કર્મોના ઉદયથી આવે છે.

(૧) નાગ્ન્ય પરીષહ: જુગુપ્સા મોહનીયના ઉદયથી હોય છે. કારણ કે સંપૂર્ણ નગ્નતા, અલ્પમૂલ્યવસ્ત્ર કે જીર્ણવસ્ત્ર ને ધારણ કરવામાં જુગુપ્સા થતી હોય છે, અથવા કે તિરસ્કાર-અપમાન થતો હોય છે.

(૨) અરતિ પરીષહ: અરતિ મોહનીયના ઉદયથી આવે છે. સંયમી જીવનમાં આહારની, પાણીની, વસ્ત્રોની, વસતિની વગેરે અનેક પ્રકારની પ્રતિકૂળતાઓ આવે છે તે વખતે સંયમમાં અપ્રીતિભાવ થાય છે.

(૩) સ્ત્રી પરીષહ: પુરુષવેદ મોહનીયના ઉદયથી થાય છે. કામવાસના વધે તેવી બુદ્ધિથી સ્ત્રીના અંગોપાંગનું નિરીક્ષણ કરવાનું મન પુરુષવેદના ઉદયથી થાય છે.

(૪) નિષદ્યા પરીષહ: ભય મોહનીયના ઉદયથી હોય છે. ઉપાશ્રયની અંદર-બહાર, ચૌટામાં, શૂન્યઘરમાં અને સ્મશાન આદિ સ્થાનોમાં સંયમની સાધના કરતાં કરતાં દુષ્ટ મનુષ્યો અને ભૂતપ્રેતાદિ તરફથી ભયો પ્રગટ થાય છે.

(૫) આક્રોશ પરીષહ: ક્રોધ મોહનીયના ઉદયથી થાય છે. દુષ્ટ માણસો ગાળો તથા હલકા તિરસ્કારાત્મક અપ્રિય કષાયોત્તેજક વચનો બોલે ત્યારે ક્રોધ કરવાના ભાવ આવે છે.

(૬) યાચના પરીષહ: માન મોહનીય ના ઉદયથી હોય છે. શાસ્ત્રોક્ત વિધિપૂર્વક આહારાદિની યાચના કરવામાં ભૂતકાળનું સંસારી જીવન સ્મૃતિગોચર થવાથી માનહાનિ, લઘુતા આદિ ભાવો માન કષાયના ઉદયથી હોય છે.

(૭) <u>સત્કાર પુરસ્કાર પરીષહ:</u> લોભ મોહનીયના ઉદયથી થાય છે. જ્યારે જ્યારે સત્કારાદિ થાય છે ત્યારે ત્યારે આસક્તિ, મૂર્છા, મમતા અને રાગ <u>લોભ મોહનીયના ઉદયથી થાય છે.</u>

वेदनीये शेषाः ९-१६
વેદનીયે શેષા: ૯-૧૬
વેદનીયે શેષા: ૯-૧૬

<u>સૂત્રાર્થ:</u> બાકીના ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ અને મલ એમ ૧૧ પરીષહો વેદનીયના ઉદયથી થાય છે.

<u>ભાવાર્થ:</u> ક્ષુધા, પિપાસા આદિ અગિયાર પરીષહો પીડા ઉત્પન્ન કરનારા છે અને પીડા અસાતાવેદનીયના ઉદયથી આવે છે. અહીં એક વાત સ્પષ્ટ સમજાય છે કે ક્ષુધા, પિપાસા આદિ ૧૧ પરીષહો આ સૂત્ર પ્રમાણે વેદનીય કર્મના ઉદયથી થાય છે. સૂત્ર ૯-૧૧ પ્રમાણે જિનેશ્વર પરમાત્માને આ જ ૧૧ પરીષહો હોય છે તેથી તેરમા ગુણઠાણે વર્તતા કેવળી પરમાત્માને ક્ષુધા-પિપાસા... પરીષહો હોય છે.

एकादयो भाज्या युगपदेकोनविंशतेः ९-१७
એકાદયો ભાજ્યા યુગપદેકોનવિંશતે: ૯-૧૭
એકાદય: ભાજ્યા: યુગપદ્ એકોનવિંશતે: ૯-૧૭

<u>સૂત્રાર્થ:</u> એક જીવને એકીસાથે એકથી આરંભીને વધુમાં વધુ ઓગણીસ પરીષહો હોઈ શકે છે.

<u>ભાવાર્થ:</u> આગળ જણાવેલા ૨૨ પરીષહોમાં શીત અને ઉષ્ણ આ બે પરીષહો પરસ્પર વિરોધી છે.

શીત હોય ત્યારે ઉષ્ણ ન હોય અને ઉષ્ણ હોય ત્યારે શીત ન હોય.

ચર્યા, નિષદ્યા અને શય્યા આ ત્રણ પરીષહો પણ પરસ્પર વિરોધી છે. ચર્યા પરીષહ વિહાર કરવા (ચાલવા) સ્વરૂપ છે. નિષદ્યા પરીષહ કાયોત્સર્ગાદિ મુદ્રાએ સ્થિર રહેવા સ્વરૂપ છે. અને શય્યા પરીષહ નિદ્રા સ્વરૂપ છે. તેથી એક જીવને એક કાળે ત્રણમાંથી એક હોય છે, બાકીના બે હોતા નથી. તેથી શીત-ઉષ્ણમાંથી એક, અને ચર્યા આદિમાંથી બે પરીષહો એમ કુલ ત્રણ પરીષહો બાદ કરતા શેષ ૧૯ પરીષહો એકીસાથે હોઈ શકે છે. વધુમાં વધુ પરીષહો એકીસાથે એક જીવને ૧૯ હોય છે અને જઘન્યથી એક પરીષહ સંભવી શકે છે.

**શંકા:** પ્રજ્ઞા અને અજ્ઞાન પરીષહો પણ પરસ્પર વિરોધી છે તો બંને એકીસાથે કેવી રીતે હોય?

**સમાધાન:** પ્રજ્ઞા અને અજ્ઞાન પરીષહો વિષયભેદે એકીસાથે હોઈ શકે છે. જે વિષયનું સારું જ્ઞાન હોય તે વિષય સંબંધી પ્રજ્ઞા પરીષહ હોય છે અને તે જ કાળે કોઈ બીજો વિષય જે બિલકુલ ન આવડતો હોય તે વિષયનો અજ્ઞાન પરીષહ પણ સાથે હોઈ શકે છે. માટે ઉત્કૃષ્ટ ૧૯ પરીષહો એકીસાથે એક જીવને હોઈ શકે તે વિધાન બરાબર છે.